નૂરજહાન.

નાટકના ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચીમનલાલ દામોદરદાસ ઠક્કર.

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ સુર્યપ્રકાશ થીએટર—સુરત.

સુરત, ભાગાતળાવ રોડ પર આવેલા ધી 'રાંદેર'
પ્રીન્ટીંગ પ્રેસમા રતિલાલ દુર્લભદાસે છાપી

કીમત ૦—૨—૦

નૂરજહાન

નાટકનો ટૂંક સાર.

પ્રારભ પ્રાર્થના અને નાટ્ય સૂચન બાદ- ૧

વસતવિહાર.

માનિની અને મદિરામા મસ્ત બની રહેલ સલીમ નવરોજના બજાર તરફ જતો દેખાય છે ત્યારપછી નવરોજમા જતી મહેરની સહેલીઓ સાથની પ્રેમગોષ્ઠી-

સૌંદર્ય બજાર.

નવરોજમા શાહ અકબર અને તેના ઉમરાવો આદિલ શહેનશાહ અકબરનુ સ્વરૂપ દર્શન ત્યારપછી મહેર અને સલીમનો મેલાપ

કાલી નાગણ.

રજીયા, ફઈજીની રાજખટપટી સ્ત્રી કે જે ભવિષ્યની શહેનશાહબાનુ થવાની ઉમ્મીદ્વાર છે અને શાહજાદા સલીમને હાથે તેટલા માટેજ જેણે પોતાની અસમત વેચી છે તે સલીમને પોતાને મળવા ઈશારો કર્યા છતા સલીમ મળવા ન આવ્યો તે માટે વિચાર કરે છે એટલામા મીરજા અને ફહીમન સાથે સલીમ પ્રવેશ કરી તેને મહેરને પોતાના

હાથી મહેલમા લાવવા કહે છે. રજીયા અને સલીમનો સંવાદ ગમે તેમ કરી સલીમ અને મહેરને ન મળવા દેવાનો રજીયાનો નિશ્ચય

રસ્તો.

ખુશામદખોર અને સલીમને અયશ પરસ્ત બનાવનારા મીરજા અને ફહીમનના જોડાની નવી બાજી પોતાની છોકરી ગુલજારને તે શાયરી નખરા વિગેરેની તાલીમ આપી પછી તેને શાહજાદાની રૂબરૂ કરવાનો વિચાર કર્યો છે તેથી મીરજા કોઈ શાયરને શોધવા નીકળે છે અને તેને એક હારૂન નામનો કડકાબાલૂસ શાયર મળી જાય છે

છંછેડાએલ સાંપણ.

રજીયા મહેરના બાપ ગિયાસુદ્દીનને જઈ મહેર ઉપર મીરજાએ બીછાવેલ જાળની ખબર આપે છે અને અકબરને મળી તેને હાથી મહેલમા જવા સમજાવે છે

કડકા બાલૂસ શાયર.

હારૂન મીરજાના ઘરમા પોતાનો અડ્ડો જમાવે છે અને શાયરી શીખવતે શીખવતે પ્રેમપાઠ શીખવવા મંડી જાય છે

ન્યાયનો દેવતા.

શહેનશાહ અકબર સલીમને તેની ચાલ સુધારવા માટે શીખામણ આપે છે સલીમ જવા બાદ ગિયાસુદ્દીન દાખલ

ઈ પોતાના ઉપર આવેલી આફ્ત કહી સંભળાવે છે અકબર તેને લઈ હાથી મહેલ તરફ જાય છે.

હાથી મહેલ.

મહેરનુ મુખ જોવા પછી સલીમને મહેર શિવાય બીજુ કાંઇ ગમતું નથી તે મહેરનીજ યાદ કરે છે ત્યાં ફહીમન મહેરને લઇને આવે છે સાહેલીઓ સલીમ અને મહેરને મેળવે છે તે મોકા ઉપરજ અકબર પ્રવેશ કરી અલીકુલીખાન સાથે મહેરના લગ્ન કરી આપે છે સલીમ સ્હામે થતાં તેને પકડી લેવામા આવે છે

અંક બીજો.

પ્રેમી જોડુ.

અલીકુલીખાન અને મહેરને આપણે પ્રેમના લાડ કરતા જોઇએ છીએ ત્યા શહેનશાહ અકબરના મૃત્યુ અને શાહજાદા સલીમના તખ્તનશીન થવાના સમાચાર મળે છે વળી રુક્કામા તે બન્નેને તાજપોશીના જલસામા હાજર રહેવાનુ જણાવેલુ છે તેથી બન્ને દેહલી જવા તૈયાર થાય છે

તાજપોશી.

શાહજાદો સલીમ શહેનશાહ જાહાગીરનુ નામ ધારણ કરી હિંદુસ્તાનના તખ્ત ઉપર બેસે છે અને પોતાની તાજ-

પોશીની ખુશાલીમા અલીકુલીખાનને પોશાક અને શેરઅ-ફઘનનો ઓહદો આપે છે.

બુઢ્ઢી ઘોડી ને લાલ લગામ.

બીબી ફહીમન શાયર હારુનને જોઇ તેના ઉપર આશક થઇ છે તેથી તેને મળે છે ગુલજારને આ બાબતની ખબર પડવાથી તે મીરજાને ઉપાડી લાવી આ રગ બતાવે છે હારુન ખોટો નાટક કરવા જતા પીટાય છે ફહીમન અને મીરજાના છૂટાછેડા થાય છે. કવિરાજને ડડાની પહેરામણી સાથે પાણીચુ અપાય છે

રાજબાગ.

શહેનશાહ જાહાગીરે છૂપે નામે અલીકુલીખાનને પોતાને મળવા બોલાવ્યો છે તેને છૂપા વેશમાં મળી મહેર જોડે છૂટાછેડા કરવા સમજાવે છે. શેર અફઘન તેનો સાફ ઇન્કાર કરે છે રજીયા આવી શાહને ખુલ્લો પાડે છે શેર અફઘન ચાલ્યો જાય છે ગુસ્સામા આવેલો શાહ રજીયાને ઠાર કરે છે, અને શેર અફઘનની પાસેથી મહેરને મેળવવા અથવા તો તેને ઠાર કરવા કુતબુદ્દીનને મોકલે છે

કલજૂગનો મજનૂ.

શાયર હારૂન હાથમાથી છટકેલી ગુજારને પાછી છટકા-મા લેવા એક મવાલીનો નાટક બજવી બતાવે છે.

શેરનો મહેલ.

ખરાબ સ્વપ્નથી ગભરાએલી મહેર ત્યા ફહીમન આવી મહેરને શાહ જાહાંગીરની ઇચ્છા પૂરી કરવા સમજાવે છે.

પાપીને તેનાં પાપની પૂરી સજા મળે છે. શેર અફ્ઘન વેનું નાક કાપી લેય છે તેટલામા નોકર આવી કુતબુદ્દીનને મહેલને ઘેરી લીધાની ખબર આપે છે શેર અફ્ઘન મહેરની રજા લઇ કેસરીયા કરે છે

ઢાકાનો રાજમાર્ગ.

લડાઇ શેર અફ્ઘન તથા કુતબુદ્દીનનુ મોત.

અંક ત્રીજો.

કેદખાનું.

પોતાની બાળક પુત્રી સાથે કેદમા પડેલી મહેર અ તે તેના બાપના સમજાવ્યાથી જાહાગીર સાથે પરણવા તૈયાર થાય છે.

નૂરજહાન.

એક મૂફલીસ ઇરાનીની પુત્રી મહેર નુરજહાનના નામથી હિંદુસ્તાનની શહેનશાહ બાનુ બને છે સર્વ દાસીઓ તે માટે લગ્નમંડપમા જવા માટે તેને તૈયાર કરે છે.

કોમીકનું છેવટ.

કીડી સંઘરે તેતર ખાય પાપીનુ ધન પરલે જાય, એ કહેવત પ્રમાણે હારૂન મીરજા અને ફહીમને પાપથી મેળવેલાં ધનનો માલેક થાય છે અને ગુલજાર સાથે શાદી કરે છે.

લગ્નમંડપ.

જાહાગીર અને નૂરના નિકાહ

સૌંદર્યની રાણીનો વિજય.

નૂરજહાન નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્રો.

અકબર—હિન્દુસ્તાનનો આદિલ શહેનશાહ

સલીમ—પાછળથી જાહાંગીર નામ ધારણ કરી હિન્દુસ્તાનનો શહેનશાહ થનારો અકબર શાહજાદો મહેરનો આશક

મીરજાં—સલીમનો ઐયાશ બનવનારો ખુશામદી નોકર

ગિયાસુદ્દીન—મહેરના પિતા અકબરના દરબારનો ઉમરાવ

અલીકુલીખાન—બહાદુર ઇરાની લડવૈયો, મહેરનો ખાવિંદ

કુતબુદ્દીન—સલીમનો દુધભાઇ તેનો ખુશામદી દોસ્ત

રૂપજી
માનસિંહ
વિગેરે } અકબરની દરબારના રત્નો

હારૂન—એક કડકા બાલસ શાયર

સિપાઈઓ મવાલીઓ વિગેરે વિગેરે

સ્ત્રી પાત્રો.

મહેર—ગિયાસુદ્દીનની ખુબસુરત બેટી, અલીકુલીખાનની પરણેતર અને પાછળથી નૂરજહાનને નામે હિન્દુસ્તાનના ઇતિહાસમા પ્રખ્યાત થએલી જાહાંગીરની બેગમ

રજીયા—રૂપજીની સ્ત્રી

મહેજબીન—મહેરની ઓરમાન મા

રહીમન—સલીમને ઐયાશ બનવનારી કાબા, મીરજાં ની બીબી

ગુલજાર તેની પુત્રી પાછળથી હારૂનની સ્ત્રી.

સાહેલીઓ રામજણીઓ, વિગેરે વિગેરે

સ્થળ—દેહલી દાકા અને તેની આસપાસનો પ્રદેશ.

નૂરજહાન નાટકનાં ગાયનો.

સુત્રધાર-માળકીઓ— (૧)

નાથ ધરી જગનાથ •
લજ્જા શરણજનની રાખજે -
જનપ્રયત્ન અપૂર્ણ.
અલિયસી તવકૃપા એ રાખજે -
હો પ્રભૂ દીનદયાલ, આનાની પત રાખજે.
કોણે દીઠી કાલ, ભાવીના પડદે છપી,
દોરી તમકર સોંપી, વિભ્ર અભિદૃષ્ટિ
અમપર નાખજે -

નટી— (૨)

સર્વ સૌન્દર્ય તણું આધીન
વેદજ્ઞાન વિસ્તારનાર બ્રહ્મા થઈ જ્ઞાનવિહીન.
પિતાપુત્રીની ભૂલ્યા સગાઇ આંગળીમાં બની લીન
કંઇના સમરસલાગના શીર યોગીરાજ પ્રવીણ
ભિલડીને જોઇ ભરમાઇ જાયે બનીને દીન
આજ આંખ પલકમાં, પડતા પ્રેડારા એ, ફરી લીન,
સહુને, નિજમય કરી લેતો, હો રસજ્ઞ કે રસહીન.

બાળકીઓ— (૩)

ખિડલી કળીઓ આ ઉઘડ (૨)
કુંજ નિકુંજે, અલી અલિ ગુંજે
પધારતા ઋતુરાજ તણા જો ડંકા એ ગગડ
મલય સુવાસે, વાસ અવાસે
ઋતુપતિ જો **સૌંદર્ય વિજય** વરતાવે છે સઘળે.

અમીરો સલીમ— (૪)

મધુરા મદિરાના પ્યાલા
છલાછલ છલકે મતવાલા
ભરી લાલી, પીએ લાલા
મોઢે બસ લા-લા-લા-લા-લા.
છે સ્વર્ગના સુખો બધા
બાલી અને પ્યાલી
જો હાથમાં પ્યાલી અને
બગલ માંહી વ્હાલી

સાહેલીઓ-- (૫)

ચોરી સૌંદર્ય ત્હારૂં સુંદરી વસંત જો પ્રકાશે
વસંત આ પ્રકાશે,
વસંત હા પ્રકાશે
કુસુમિત કમલિની, કુમુદ કેતકી, કેસર કનેર
કુસુમાયુધ કનકદરૂપ કામિની કલ્હાર
તુજ સ્વરૂપ ને સુગંધ ચોરી સહુ વિકાસે.

આ ચોરી સહ વિકાસે,
હા ચોરી સહ વિકાસે
'કુહૂ કુહૂ' કરી કુંજ કુંજ કરી મન્ન મત્રગાને
મનમથની મનિનીના મન્મથની ફ્રે દુલાસે
તુજ સ્વર હરી, કલરવ કરી કોકિલા ઉલ્લાસે,
આ કોકિલા ઉલ્હાસે,
હા કોકિલા ઉલ્હાસે.

મ્હેર સલીમ— (૬)

પ્રેમ મોતીનુ પાણી તપાસતા,
પાણી ગુમાવ્યા કઈક ઝવેરીએ.
એના શુ કરીએ મૂલ,
મોઢે માગ્યા તે કબૂલ
હીરાના ઝગ હરી દીધા વેરીને.
મન મત્યાની મીઠાશ ભરી
હૈયાની હોંશથી ગોખ્યો આ હીરલો,
ઉપર હેતની મેલ કરી
આ તો અણમોલા મૂલ;
મનમા જીવન ડૂલ

સાહેલીઓ— (૭)

કોઇ રસભાગી રસિયા સાથે આખલડી લડી,
જાણીએ ચતુરા ચિન્તથી ચળી,
પ્રેમના પ્રણય પથમા પડી

મુખના ભાવ છુપાવા જોતી નીચું ભળી લળી,
નજર કરી તિર્છી ને વળી વળી,
ભોગી ભ્રમરા ને કુસુમની કળી,
અમિદષ્ટિની ઝડી વરસતાં, અંગ ખડી થઈ, ફળી,
પ્રણયબિજરૂપ હતી છુપેલી થઇને રોમાવળી-
મદનશર થઈ બાહાર નિકળી,
વિરહ વિધુરોને દેવા દળી
વામા વલ્લભ વશકર બંધન બાંધી અલકાવળી,
પ્રમદા બની પિયુમય, પિયુ પ્રમદામાં પ્રમદામયગળી,
જેમ દૂધમાંહી સાકર ભળી;
સુગંધી સોના સાથે મળી

રજીઆ-સાહેલીઓ— (૮)

ભલે જૂજવા જૂજવા હો નામ
એક શરીરની આંખ હમે બે હિંદુ મુસલમાન,
પક્ષપાતનું નામ નથી જ્યાં સઘળા એક સમાન,
જુગજુગ જીવો ઉદાર અકબર અખંડ તેજ નિધાન
અચળ રહો તેના વિજય નિશાન,
ગાજતા ગરવા શા ગુણગાન
સત્તનિરૂપે પ્રજન પાળતા ભૂપતિ મહામતિ માન,
સ્વેચ્છાપૂર્વક ચાલે સઘળા સ્વતંત્ર ધર્મ વિધાન,
સહુ એકજ માના સંતાન,
ભજ કોઈ રામ કોઈ રહેમાન

સલીમ— (૯)

ચતુરા ગઇ ચીત ચોરી ચતુરે ગઈ ચીત ચોરી,
કાળજુ કટાક્ષે ગઇ કોરી— ચતુરે.
દીલને આરામ લઈ આખ નસી ઉઇ ગઈ,
નાખી ગળામા પ્રેમ દોરી— ચતુરે

રજીયા— (૧૦)

ઝેર ભરેલી નાગણ ઝેરી કરુ તેના લઉ ઝટ પ્રાણ
મારી ફેણપર પગ કોઇ ગાંમ
કર ઘોઇ નાખે જીવન આશાથી નાદાન
કરે જીવ હાણ ઝેર

હારૂન— (૧૧)

ચિંતા ચિતા ને બસ ચિતા,
ચિતમા રોજ સળગતી ચિતા
ખીસા ખાલી ભપકા ભારી,
કોને કહેવી મનની વાત
મીત્રો મગના બધા મવાલી,
માગે મય ડાવાની પ્યાલી
દુઃખે સહુને હાથે તાળી ખાલી હાથ,
બન્દા ધધો કરવા જાય
શાયરીમા વાંધો થાય,
મુજે નહી એક ઉપાસ,
દિલના ઉથલ પથલ થાય,

ધનજી ભાઈના દેખાય,
ભૂખ ભડકો ના ઓલાય
હવે કયમ કરી જીવાય બોલો સાહેબો—ચિંતા.

હારૂન - (૧૨)

ફરહાદ યુસુફ મજનુ જેના આશકોમા નામ
તે સર્વેને બનાઉં મ્હારા ઘર તણા ગુલામ
ભુલાઈ જાય દુનિયામાથી સજ્જનો ગુલ્ફામ,
બસ મ્હારી સાથે આશકોના નામ પણ તમામ

(કૉરસ)

બેહતર, કવિ બધા, રસ ભીના રસ જગનું આ,
લખ્યા છે પ્યારના કિસ્સા પણ મુજ પ્રેમથી અજાણ

કલમ બનાવી અસ્તરા કવિ બન્યા હજામ
ઝાડી ઝૂડી મુંડી નાખ્યા પ્રેમને તમામ,
કિતાબખાનું શાનું એ હજામત હમામ
કે જેમા મ્હારા પ્યારનું નિશાન છે ન નામ

મહેજબીન - (૧૩)

કરે લાખો પ્રયત્નો તોય પણ આખર સહુ થાક્યા,
ખિલ્યા મુસ્કાનના અંગો એ ઢાંક્યા નવ રહે ઢાંક્યા
થયા જેનાં નેત્ર અજવાળાં ભરેલાં પૂર્ણ મદવાળાં,
ચપળ પગલાં હવે હળવા વજે રતિનાથના હાંક્યા

ચઢી ચાળે, ઉછાળે એ થતા પગલા જુવાનીના,
અનગે અગ ઢાકી અગ જાણે ચિત્રમા આકયા

મહેજબીન— (૧૪)

પાખ હવે પખીડાને આવી
મ્હારી મેનાને કાજે-
રૂડુ પાજરૂ મગાવો,
હીરા માણેક જડાવો,
માત્રા મોતીડ મઢાવો,
સુન્દર ચગનો શણગાર જાઓ છનછ વસાવો લાવો
જગથી અજાણ્યુ ભોળું ઉડુ ઉડુ કરે નવ જાણે એ શિકારી તણી [illegible]
જાળથી અજાણ્યુ ક્યાય ભુલીને ફસાએ માટે પાજરાન [illegible] એ હાક- મ્હા

ગુલજાર— (૧૫)

ડોલે ચઢ્યુ ચકડોલે,
આ જોબનુ
ડોલે ચઢ્યુ ચકડોલે
મનમા જુ થાય તે આ મુખથી કહેવાય નહી
કોઇ કોઇ છૂપી છૂપી બોલે, આ૦
માળે તે જાણે મુગા અતંગ તણી વાત એ
બિન્દુ વીના મરમ કોણ ખોલે આ૦

ગુલજાર-હારૂન— (૧૬)

ખીલેલુ જોબન કુસુમ આ,
સરસ સુગધિત ભ્રમર વિના કરમાય,

૧૬

મુઇ ચોળી નવ અગ સમાય,
મનડામાંય નવીન કાય મધુર મધુર દરદ થાય,
કોઈ તબીબ કરે તેનો ઉપાય,
કમલિની ગુલઝાર પ્યારી તારો કાળ હુ ભ્રમરવાહ હકીમ
ખીલેલુ જોબન-

ગુલજાર હારૂન— (૧૭)

પ્યારા મારા રગેથી રમીશુ,
પ્યારી મારી થાળીમા સાથે જમીશુ,
ખબ કરીશું આરામ બાદાના ભરીને જામ,
સાડી બનારસની હુ મગાવુ,
શાલ ઓઢુ કાશમીરી હુ ખાસ,
આશુક માશુકની લીલા કરીશુ,
ગાડી ઘોડામા હાકે કરીશુ,
ચોક ચાદનીની સ્હેલો કરીશુ,
મોજ માણીને,
સાથે મરીશુ,
એવી ન વાગી વદો છેલાણી,
મરે દુસ્મન ને આપણે હમીશુ-પ્યારા

ચારાંગના- (૧૮)

રમિયાજી હો રમગાજ,
રગ બાના નારી નવીન, નેડે નગીના ઝલે ઝલાવે-
ઝનો યુવરાજ છો સરતાજ ઝુનણે ઝલો,

બાંધી પાલણે મે પ્રેમ પાસની દોરી,
રસહીણા કહે છો ક્ષુદ્ર ઘાસની દોરી
પણ પ્રેમી જન મન તેજ ફ્રાસની દોરી–ઝલે ઝલાવે
ઝુલતીનુ જોબન ઝૂલે ઝલો બન્યો રસાળ,
ઝુલનારો જોબન ભર્યો રામાનો રસ થાળ–બાંધી પાલણે.

જહાંગીર મેહેર— (૧૯)

જોબનનીયુ એ દીનનુ લલના લઈ લ્યો લ્હાવો
ગોરી ના એળે ગુમાવો હા ... (૨)
પ્રીતીનો રસ પાવો સામા નહિ રીસાવો,
આવો આવો જોબનીયુ
આવો કહે હગાવો જાવો નહિ સતાવો,
ધ્યાન ગરી કોઈના આ ભાન આમ ભરમાવો જોબનીયુ

સાહેલીઓ— (૨૦)

મુગ્ધા નવ જાણે રીત રસિકવર કયમ સહ કહેવાનુ
બોલમા કયમ સહ કહેવાનુ
છે પુરૂપ ભ્રમર પખીડુ હાથથી જવા ન દેવાન
ઉડીને જવા ન દેવાનુ
છે કામની મોટે શરમ કડી
તે કેમ કહે સહુ મુખે ચડી
અતર ઉપજે જે ભાવ ચતુર એ સમજી લેવાનું
સાનમા સમજી લેવાનુ

નાખી પ્રીતમ કર પ્રેમ કડી
આગળી દેતાં પોચો પકડી
સમજી સમજાવી કામ કામિની કાઢી લેવાનુ
યુકિતથી કાઢી લેવાનુ

ટેબલો.

અંક બીજો.

અલીકુલીખાન-મહેર— (૨૧)

જેને ઘેર શીલવતી નાર,
સ્વર્ગસુખ આ ભૂમિતલપર સુખી તે ભરથાર
પત્નિથી સુખી જ્યા પતિ, પતિથી સુખી જ્યા નાર
લક્ષ્મી સદા વાસો વસે ત્યા સુખનો અપાર

મહેર— (૨૨)

અમે રાત દહાડો માથે મોતની કટારી,
હોય શાહનો શાહ અમીર કે હોએ રંક ભીખારી,
કોઈ આજ કોઈ કાલ વરસ કોઇ દસકો એમ સભારી,
જાયા તે સરવે જવાના નથી ઉગરવા બારી,
સગાં કુટુંબી સ્નેહી સબધી સપતિ સતતિ સારી,

સાહેબી સહૂ સંસાર તણી અહીં અંતે જાય પધારી,
ચાર દિવસનું ચટકી જીવન લેજો સર્વ સુધારી,
હિન્દુ કહી સહુ રામ મુસલમાનો રહેમાન પુકારી,

મહેર— (૨૩)

સુકાની મહાંગે સાચાંરે સરજનહાર,
ત્હારે આધારે છોડી નૌકા ભરદરિયે મ્હેતો,
મારે કે ઉતારે પેલે પારરે સરજનહાર,
જગતની કામના પુરવી એ કામ છે ત્હારૂં,
દયાનો સાગર રહેમાન નામ છે ત્હારૂં,
ત્હારે આધારે છોડી નૌકા ભરદરીયે મ્હેતો,
મારે કે ઉતારે પેલે પારરે સરજનહાર

ચારંગના— (૨૪)

નાચે છે મોર વ્હાલી નાચે છે મોર,
વ્હાલમની વાડીમાં નાચે છે મોર
નાચે છે મોર મારા ચિતડાના ચોર,
વ્હાલમની વાડીમાં નાચે છે મોર
વર્ષે વર્ષા ચોધાર
માનિની ગાએ મલ્હાર,
કળા ભરી મોર કરે ટુહુ ટુહુ શોર,
વાલમની વાડીમાં નાચે છે મોર.

ગુલજાર— (૨૫)

કામણગારાની કેવી નજર લાગી,
નજર લાગીરે નજર લાગી કામણગારાની
આ ઉલ્ફતે તો ખાન પાનને હરામ કરી
ઉન્માદિવસ્લની છે હાયરે ગુલામ કરી
પ્રગતણી પ્રેમના આ પાવકે તમામ કરી
વિયોગે પ્રેમીના મારી મરણનુ નામ કરી
વાગીઆ કારી વ્હાલા વિરહ કટારી વ્હાલા
શાને વિસારી વ્હાલા આવો હુ વારી વ્હાલા
જાઉ બલિહારી વ્હાલા નજર લાગી

ફહીમન-હારૂન — (૨૬)

નાખશુ ધુસ મીઠુ દુસ્મનની આખમા
પ્યારી રંગેલ તુ,
રંગીલા છેલ તુ,
ડાકણ ચુડલ તુ,
રંગીલા છેલ તુ
માડા અને લાડો બેઉ લાખ હુ ઉડાવુ 'ચાગ નાખશુ.
જુગની જોડી જોડ નીકળે રૂપાલા
જ્યારે જુગતી જોડી જોડે નીકળે રૂપાળી
ત્યારે નગર જુવતિ જાય સર્વ શરમાવી ચાલી,
પ્રેમ બુટ્ટીનો લાગ્યો દમ નાકમા નાખશુ

(૨૭)

હારૂન-દડેઆજ-ગુલજાર વિગેરે

દોડો દોડો દડેઆજો માર મારવા આવ્યા છ
મારો ખમ ખૂબ હાથે આવ્યો છે એ પાજી,
ડોશી અમારા રંગેરમવામા બહુ સારા ફાવ્યા છે
પી ટો.
ના ના
ચરબી એની તાવો તાજી,
શાયર બદમાશ બન્યો બુઢ્ઢીનો દાસ,
કર્યો જેવો વિશ્વાસ એને દ્યો એવો ત્રાસ
તમને સમજાવુ શેણુ,
વળશે ન કાઇ કહેણ,
કેવો છે ઉસ્તાદ ક્વાજી પ્રેમ ફૂલનો વાસ-દોડો દોડા

જહાંગીર— (૨૮)

પાસો પ્રપચનો ફેકુ કે ઉઠજો ને,
દુશ્મનનો દાવ એ બસ હારમા ફડ હા
કઈ કળાથી છળબળથી,
કાઢુ હુ કાટો આ જેમને નડે,
નાના અને કમજોર એ બેને ન ધારવા
એક રોગને શત્રુ એ બે ઉગતા સહારવા
કાટો થઇને કાઢું કાટો,
ધૂ. દશ્મન કેરો ચાંટો,

કે નવ માગે પાણી છાંટા,
પોકાર મુજ પડે નાના૦

ગુલજાર-હારૂન— (૨૯)

ચુટી લૂટી લુટારે મન લૂટી,
પ્યારને પ્રેમ બુટી,
લાલ લગની લગાવી,
સ્નેહ સાકળે સપડાવી,
પ્રેમ બંધનથી બાંધી કહે છુટી-લુટારે
વાળાની જાળમા દિલને ફસાવી,
જાન-ચુકાની કમે ગળુ ઘુંટી,
ક્યાંનો એ ન્યાય ચોર ઠગ બારણાને
કરાવો ચોર આમ ઝુટી લુટાર

શાહજાદી (૩૦)

આંચકની માફક ચોળાયા
કર્મ ગણમા ગળાયા,
ગમ સગ (૨)
મગ ન તેના નામ કે નિશાન બાકી આંચક.
ધનની ઘજાવના જા
હાકથી હકાવતા,
ક્યાય જઈ બધુ તે ભગાવ
માટી નીચ દબાયા ગવગાયા

હારૂન, વિગેરે— (૩૧)

મુફલીસ કકડા બાવૂલ કવિની
સઉ ચીતા આજ ઠગી,
જગને ઠગનારા ઠગને પણ,
આ બગ ઠગ ગયો છગી.
ખોટે ઉદર ભોગવે ભોરગ એ કહેવત સાચી પડી
કલજૂગના મજનૂને કલજૂગની લેલા આજ મળી
આમીન બોલો અહેલેજલસા સરવે આમીન,
અલ્લાહ સૌને આપો સારા અવસર દિન દિન.
આશા ફળજો મળજો સૌને સૌનુ ધાર્યું,
દે ઘરવર પરવર શુભ અવસર આમીન.

સાહેલીઓ— (૩૨)

રે ધીમા ધીમા નયન નચાવો બાઇ શાણી,
લ્યો છાના છાના દીલના સુખ પ્રીતમ સંગે માણી રે ધીમા૦
નારી હુ બિચારી ભાગી કરો શાને આ ઠઠોલી,
જાણી ચતુરાઇ આ તમારી જાણી—રે ધીમા૦

જહાંગીર— (૩૩)

પ્રિય પ્રેમ દાન દે દો
રતીની જકાત દે દો
આલમમા મશહૂર સખવત
છે તમારી એ કરૂ ઇબાદત

પ્રેમ જામ આઠે જામ
રબને નામ હૈ દો

મહેર-જહાંગીર— (૭૫)

આવો રંગરસિયાજી ખેલિએ શિકાર
હાં હાં ધીરેથી તાણ ભ્રૂકુટી કમાન, જેને લાગશે બાણ

* * *

વાહ ચતુરાઈ ચતુરની, ઝીલ્યુ હૃદયમાં બાણ,
ઝેર હૃદયનું પાઇને, પાછું કર્યું સંધાન

સમાપ્ત